પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૩૦૧ કુલ પાના : ૪ તારીખ : ૧૪-૦૮-૨૦૨૪ બુધવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ભાજપ ગઠબંધન વિરુદ્ધ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે, તેથી ઉદ્ધવ ઠાકરેને સીએમ ચહેરો બનાવવો જોઈએ



મુંબઈ

શિવસેનાની દલીલ છે કે ઉદ્ધવની સરકાર પડી ભાંગી અને તેમના નામે ભાજપ ગઠબંધન વિરુદ્ધ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે, તેથી ઉદ્ધવ ઠાકરેને સીએમ ચહેરો બનાવવો જોઈએ. હાલમાં જ ઉદ્ધવે પણ આ અંગે ટિપ્પણી કરી હતી.

જયારે ઉદ્ધવ ઠાકરે ગયા અઠવાડિયે દિલ્હીમાં શરદ પવાર, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેને મળ્યા હતા, ત્યારે કહેવામાં આવ્યું હતું કે મહારાષ્ટ્રને લઈને મહાવિકાસ અઘાડીની તમામ સમસ્યાઓ ઉકેલાઈ ગઈ છે. ઉદ્ધવ ઠાકરે સીએમ ચહેરો હશે અને કોંગ્રેસ વધુ બેઠકો પર ચૂંટણી લડશે, પરંતુ એક અઠવાડિયામાં આ ઉકેલાયેલા મુદ્દાઓ ૩ નેતાઓના નિવેદનોને કારણે જટિલ બન્યા છે.

પહેલું નિવેદન પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા પૃથ્વીરાજ ચવ્હાણનું છે. તેમણે કહ્યું છે કે મહાવિકાસ અઘાડીમાં સીએમ ચહેરા પર નિર્ણય ચૂંટણી પછી લેવામાં આવશે. જે પક્ષ સૌથી વધુ ધારાસભ્યો જીતશે તે મુખ્યમંત્રી બનશે. બીજું નિવેદન કોંગ્રેસ અધ્યક્ષ નાન પટોલેએ આપ્યું છે. પટોલેએ કહ્યું છે કે જો ઉદ્ધવ અને શરદ પવાર સીએમના ચહેરા પર બોલે તો મારે થોડી પ્રતિક્રિયા આપવી જોઈએ.ત્રીજું નિવેદન મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીના સંસ્થાપક શરદ પવારે આપ્યું છે. વરિષ્ઠ પવારે કહ્યું છે કે પૃથ્વીરાજ ચવ્હાણના નિવેદનને અવગણી શકાય નહીં.

મહારાષ્ટ્રમાં ૨ મહિના પછી વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. મહાવિકાસ આઘાડી (શિવસેના-ઉદ્ધવ, એનસીપી-શરદ અને કોંગ્રેસ) મહાયુતિ (શિવસેના-શિંદે, એનસીપી-અજિત અને ભાજપ) સામે ચૂંટણી લડે છે. ૨૦૧૯માં શરદ પવારે મહાવિકાસ આઘાડી સરકારની રચનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.તે સમયે મહાગઠબંધન દ્વારા ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી જાહેર કરવામાં આવ્યા હતા. જો કે ઉદ્ધવના નેતૃત્વમાં આ સરકાર માત્ર ૩ વર્ષ જ ચાલી શકી. ૨૦૨૨માં ઉદ્ધવની પાર્ટીમાં અને ૨૦૨૩માં શરદ પવારની પાર્ટીમાં વિભાજન થયું હતું. બંને પક્ષોથી તૂટી ગયેલા લોકોએ ભાજપ સાથે ગઠબંધન કરી સરકાર બનાવી.

મહાવિકાસ આઘાડીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બીજેપી ગઠબંધનને ફટકો આપ્યો હતો. આ પરિણામને કારણે મહાવિકાસ અઘાડીના પક્ષોનું મનોબળ ઉંચુ છે અને તમામની નજર વિધાનસભાની ચૂંટણી પર છે.જેને જોતા સીએમ ચહેરો જાહેર કરવાની માંગ ઉઠી છે. શિવસેનાની દલીલ છે કે ઉદ્ધવની સરકાર પડી ભાંગી હતી અને તેમના નામે મહાયુતિ વિરુદ્ધ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે, તેથી ઉદ્ધવ ઠાકરેને સીએમ ચહેરો બનાવવો જોઈએ. હાલમાં જ ઉદ્ધવે પણ આ અંગે ટિપ્પણી કરી હતી. ઉદ્ધવે કહ્યું હતું કે સાથીદારોને જણાવવું જોઈએ કે મેં કેવું કામ કર્યું?

શિવસેનાના સાંસદ સંજય રાઉતના કહેવા પ્રમાણે, ૨૦૧૯માં મહાવિકાસ અઘાડીએ ઉદ્ધવને મુખ્યમંત્રી બનાવ્યા હતા. ઉદ્ધવ સમગ્ર મહારાષ્ટ્રમાં લોકપ્રિય છે અને એનસીપી અને કોંગ્રેસમાં તેમની સાથે સ્પર્ધા કરવા માટે કોઈ ચહેરો નથી, તેથી ચૂંટણીમાં ઉદ્ધવ ચહેરો હશે. બંને પક્ષનો કોઈ ચહેરો હોય તો લાવો, અમે તેમનું સ્વાગત કરીશું.

શિવસેનાના આ પ્રસ્તાવ પર કોંગ્રેસ હાઈકમાન્ડે બહુ કંઈ કહ્યું નથી તેમ છતાં કોંગ્રેસના સ્થાનિક નેતાઓ તેના માટે તૈયાર નથી. કોંગ્રેસના સ્થાનિક નેતાઓ આ માટે ૨૦૧૯ના સમાન સમીકરણને ટાંકી રહ્યા છે. ૨૦૧૯ માં, શિવસેના પાસે સૌથી વધુ બેઠકો હતી, તેથી શિવસેના વતી ઉદ્ધવ ઠાકરેને મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા હતા.એનસીપી બીજી પાર્ટી હતી, તેથી પાર્ટીને ડેપ્યુટી સીએમ અને હોમ ફાઈનાન્સ જેવા મહત્વના વિભાગો મળ્યા. ત્રીજા ક્રમે રહેલી કોંગ્રેસને શિક્ષણ અને મહેસૂલ જેવા વિભાગો મળ્યા હતા.


લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે સૌથી વધુ ૧૩ સીટો જીતી છે. આ સંખ્યાથી કોંગ્રેસની આશા વધી છે. પાર્ટીને લાગે છે કે તે વિધાનસભા ચૂંટણીમાં પણ મહત્તમ સીટો જીતી શકે છે, તેથી પાર્ટી સીએમ પદ માટે પોતાનો દાવો છોડવા માંગતી નથી. આ જ કારણ છે કે પૃથ્વીરાજ ચવ્હાણ અને નાના પટોલે આના પર સીધી વાત કરી રહ્યા છે.આ નેતાઓના વિરોધનું એક કારણ મહત્વાકાંક્ષા અને ઉંમરનું પરિબળ છે. નાના પટોલે હાલમાં ૬૧ વર્ષના છે અને જો ઉદ્ધવ હવે કમાન્ડ આપવા સંમત થાય તો ભવિષ્યમાં તેમને ક્યારેય આ ખુરશી મળે તેવી શક્યતા નથી.

પૃથ્વીરાજ ચવ્હાણની પણ એવી જ હાલત છે. રાજકીય ગતિવિધિઓમાં મુખ્યમંત્રી બનેલા ચવ્હાણ હાલ ૭૮ વર્ષના છે. કોંગ્રેસ તરફથી સીએમ પદના દાવેદારોમાં આ બે મોટા નામ છે. પટોલે સમગ્ર કમાન સંભાળવા માટે જ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા.

ઉદ્ધવના સીએમ ચહેરા પર શરદ પવારે જે રીતે પ્રતિક્રિયા આપી છે, તેનાથી મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. શું શરદ પવાર ઉદ્ધવના નામે મુશ્કેલી ઉભી કરી રહ્યા છે?૨૦૧૯માં મહાવિકાસ અઘાડીની રચના સમયે ત્રણેય પક્ષોએ ઉદ્ધવના નામ પર સંમતિ દર્શાવી હતી. ઉદ્ધવ પણ સરકાર બનાવવાનો દાવો કરવા જઈ રહ્યા હતા, પરંતુ શરદ પવારે માંગની રમત રમી.

આ કારણે ઉદ્ધવ રાજભવનમાં પોતાનો દાવો રજૂ કરવાનું ચૂકી ગયા અને રાજયપાલ ભગતસિંહ કોશ્યારીએ રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરી. જો કે, દેવેન્દ્રના શપથને કારણે મહારાષ્ટ્રમાંથી એક મહિનામાં રાષ્ટ્રપતિ શાસન હટાવી દેવામાં આવ્યું હતું. આવી સ્થિતિમાં હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે શરદ પવાર ઉદ્ધવના નામ પર મુશ્કેલી ઊભી કરીને તેમની વાટાઘાટોની શક્તિ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. અત્યાર સુધી ગઠબંધનમાં માત્ર બે પક્ષોને લઈને ચિત્ર સ્પષ્ટ કહેવાઈ રહ્યું હતું. આમાં કોંગ્રેસ વધુ સીટો પર ચૂંટણી લડશે અને શિવસેના (યુબીટી)ના ઉદ્ધવને સીએમ ચહેરો બનાવશે તેવી ચર્ચા હતી.જો કે, શરદ પવારની શરૂઆતથી જ તમામ પક્ષો સમાન સંખ્યામાં બેઠકો પર ચૂંટણી લડે તેવી માંગણી છે.

## નર્મદા ડેમમાં પાણીની આવકમાં વધારો, તિરંગાની થીમ પર શણગારાયો



નર્મદા

ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમમાં ઉપરવાસના ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમના દરવાજા ખોલતાં પાણીની આવકથી સપાટીમાં સતત વધારો નોંધાયો છે. નર્મદા ડેમના ૯ દરવાજા ખોલીને પાણી છોડાઈ રહ્યું છે. નર્મદા ડેમના નવાનીરને વધાવવા ડેમને તિરંગાની થીમ પર લાઈટિંગ કરી શણગારવામાં આવ્યું છે. જેનો અદભુત નજારો સામે આવ્યો છે.

વધુમાં નદી તળ વિધુત મથકના ૬ મશીનો અને સરદાર સરોવર બંધનાં દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૨,૦૧,૮૩૧ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સરદાર સરોવર બંધનાં નીચાણવાળા વિસ્તારમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ના થાય તે માટે જરૂરી સુરક્ષા પગલાં લેવા અને નાગરિકોને સચેત રહેવા જણાવાયું છે.

ઉપરવાસમાં સતત પડતા વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી ૯ દરવાજા ૨.૧૦ મીટર ખોલવામાં આવશે. એને કારણે નર્મદા ડેમના નીચલા વિસ્તારમાં પાણી વહેશે.

નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવતું હોવાથી નદી કાંઠાના કિનારે આવેલા ગામના લોકો નદી કિનારે ન જાય એની સૂચના આપવામાં આવી છે. વધુમાં કોઈપણ નુકસાનની ઘટના બને તો તાત્કાલિક જિલ્લાના ડિઝાસ્ટર કંટ્રોલરૂમમાં જાણ કરવા પણ જણાવ્યું છે.

ઈન્ચાર્જ કલેકટર મમતા હીરપરાએ જણાવ્યું હતું કે વડોદરા જિલ્લામાં નર્મદા નદી કિનારાના શિનોર, ડભોઈ અને કરજણ તાલુકાનાં કુલ ૨૫ ગામમાં તકેદારી અને સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યાં છે. આ ગામોના તલાટી અને તાલુકાના લાયઝન અધિકારીઓને મુખ્ય મથક પર હાજર રહી અગમચેતીનાં પગલાં લેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.ડભોઈ તાલુકાના ચાંદોદ, કરનાળી અને નંદેરિયા, શિનોર તાલુકાના અંબાલી, બરકાલ, દિવેર, માલસર, દરિયાપૂરા, મોલેથા, ઝાંઝડ, કંજેઠા, શિનોર, માંડવા, સુરાશામળ તથા કરજણ તાલુકાના પુરા, આલમપુરા, રાજલી, લીલાઈપુરા, નાની કોરલ, મોટી કોરલ, જુના સાયર, સાગરોલ, ઓઝ, સોમજ, દેલવાડા, અરજપુરા ગામનો સમાવેશ થાય છે.

નર્મદા ડેમમાંથી પાણી છોડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને આ ત્રણેય તાલુકાનાં ૨૬ ગામના નાગરિકોને નદીના પટમાં ના જવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. સરદાર સરોવર બંધના નીચાણવાળા વિસ્તારોમાં કોઈ દુર્ઘટના કે જાનહાનિ ના થાય એ માટે સુરક્ષાનાં પગલાં લેવામાં આવી રહ્યાં હોવાનું તેમણે ઉમેર્યું હતું. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા પૂરની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. આપત્તિના સમયે ૧૦૭૭ નંબર પર સંપર્ક કરી શકો છે.

## ગાંધીનગરમાં કોમ્પ્યુટર શિક્ષકોનો વિરોધ, ટાટ પાસ ઉમેદવારોની ભરતીની માંગણી

ગાંધીનગર,

ગુજરાત રાજયમાં ટાટ વન અને ટુ પાસ ઉમેદવારો આજે રાજ્યના મુખ્ય મથક અમદાવાદમાં ભેગા થયા અને કોમ્પ્યુટર શિક્ષકોની કાયમી ભરતી માટે જોરદાર સૂત્રોચ્ચાર કર્યા. તેમણે સરકાર સામે આંદોલન કરવાની મુખ્ય માંગણી જણાવતા કહ્યુ કે, 'રાજયમાં ૬થી વધુ વર્ગ ધરાવતી ૨૫૦૦થી વધુ શાળાઓમાં કાયમી કોમ્પ્યુટર શિક્ષકોની નિમણૂંક કરવામાં આવે.' નોંધનીય છે કે, આ ઉમેદવારોની લાંબા સમયથી ચાલી આવતી આ માંગણીઓ હજુ સુધી સંતોષવામાં આવી નથી અને તેઓએ આ માટે હવે અલગ મહેકમની રચના કરવાની સરકાર સમક્ષ માંગણી કરી છે, જે ભરતીની પ્રક્રિયાને સરળ અને પારદર્શક બનાવે.

ઉમેદવારોના મતે, સરકારી શાળાઓમાં હાલ કોમ્પ્યૂટર ધૂળ ખાતા હોય છે. આ સમસ્યાનો ઉકેલ કાયમી નિમણુકમાં છે. એક ઉમેદવારે જણાવ્યું કે, "સરકારી શાળાઓમાં અમે જોયું છે કે, કમ્પ્યુટર્સ ખરાબ હાલતમાં છે. જો આ ભરતી પ્રક્રિયા ચાલી નહીં શકે, તો આ કમ્પ્યુટર્સનો વપરાશ કોણ કરશે? સરકારના અભાવે આ સગવડો માત્ર નામ પુરતી રહી ગઈ છે."

આંદોલનના આગેવાનોએ સરકારને ચેતવણી આપી છે કે, જો સરકાર દ્વારા આ મુદ્દે કોઈ યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો તેઓ આંદોલનને વધુ ઉગ્ર બનાવશે. "અમે છેલ્લા ૧૨ વર્ષોથી આ માંગણી કરી રહ્યા છીએ, પરંતુ કોઈ ઉકેલ નથી મળ્યો. હવે આંદોલન તો વધતું જ રહેશે," એમ એક આગેવાને જણાવ્યું. ઉમેદવારોને વિશ્વાસ છે કે, આંદોલન દ્વારા તેઓની અવાજ સરકાર સુધી પહોંચી રહ્યો છે અને સરકાર આ વખતે જરૂર કોઈ યોગ્ય નિર્ણય કરશે. આ નિમણુકની લંબાઈનો ભોગ બનતા વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ મળી રહે અને ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ થઈ શકે, તે જ તેમની મુખ્ય માંગ છે.

ઉમેદવારોના મતે, રાજ્યમાં ૨૫૦૦થી વધુ શાળાઓમાં ટેટ પાસ થયેલા ઉમેદવારોની કાયમી ભરતી કરવાનો સમય આવી ગયો છે. કાયમી નિમણૂંક માટે ખાસ કમિટી બનાવવી અને નિમણુકની પ્રક્રિયા ઝડપથી શરૂ કરવાની તાકીદ છે.

## નીતીશ કુમાર સરકારે વક્ફની જમીન પર ૨૧ નવા મદરેસા બનાવવાનું એલાન કર્યું છે

પટણા

બિહારમાં વકફ બોર્ડની જમીનને લઈને નીતિશ સરકારનો મોટો નિર્ણય લીધો છે. નીતીશ કુમાર સરકારે વક્ફની જમીન પર ૨૧ નવા મદરેસા બનાવવાનું એલાન કર્યું છે. જદયુના સીનિયર લીડર અને બિહાર સરકારમાં લઘુમતી કલ્યાણ મંત્રી ઝમા ખાને કહ્યું કે, લઘુમતી સમાજની રાજનીતિ કરનારા લોકો માત્ર વોટ બેંકની રાજનીતિ કરે છે. આજે નીતિશ કુમારના નેતૃત્વમાં દરેક સમાજનો વિકાસ થયો છે અને આગળ પણ થતો રહેશે. નવા મદરેસામાં લોકો માટે સારી શિક્ષણ વ્યવસ્થા હશે અને ફરીથી શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે.

તાજેતરમાં જ જદયુ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ (લલન સિંહ)એ વક્ફ બિલ પર વિપક્ષની તમામ આશંકાઓને નકારી કાઢતા કેન્દ્રને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે, ઘણા માનનીય સભ્યોની વાત સાંભળી.જદયુ અહીં એક પાર્ટી છે. ઘણા માનનીય સભ્યોની વાત સાંભળ્યા પછી એવું લાગે છે કે, વકફ બોર્ડના કાયદામાં લાવવામાં આવેલો આ સુધારો મુસ્લિમ વિરોધી છે. ક્યાંથી મુસ્લિમ વિરોધી છે? કોણ તેને મુસ્લિમ વિરોધી ગણાવે છે? અહીં ઉદાહરણ આપવામાં આવી રહ્યા છે કે, અયોધ્યા મંદિર, ગુરુદ્વારા, જો તમને મંદિર અને સંસ્થા વચ્ચેનો અંતર નજર નથી આવતો તો તમે કયો તર્ક આપી રહ્યા છો? આ કોઈ મંદિર નથી, તમારી મસ્જિદ સાથે છેડછાડ કરવાનો કોઈ પ્રયાસ નથી થઈ રહ્યો.

બિલનું સમર્થન કરતાં એનડીએની સહયોગી તેલુગુ દેશમ પાર્ટીના હરીશે કહ્યું કે,ટીડીપી વક્ફ સુધારા બિલનું સમર્થન કરે છે. સુધારા લાવવા અને ઉદ્દેશ્યને સુવ્યવસ્થિત કરવાની જવાબદારી સરકારની છે. અમે બિલને સમર્થન આપીએ છીએ. અમને તેને સિલેકટ કમિટીને મોકલવામાં કોઈ સમસ્યા નથી.જો આપણે હાલના કાયદા અને નવા બિલની જોગવાઈઓની સરખામણી કરીએ તો અગાઉ જો વકફ બોર્ડ કોઈ જમીન પર દાવો કરે તો જમીનનો માલિક ન્યાય માટે વક્ફ ટ્રિબ્યુનલમાં જ જઈ શકતો હતો. બીજી તરફ નવા બિલ પ્રમાણે તેને ટ્રિબ્યુનલ ઉપરાંત રેવન્યુ કોર્ટ, સિવિલ કોર્ટ અને હાઈકોર્ટમાં અપીલ કરવાનો અધિકાર હશે. અત્યાર સુધી જ્યાં વક્ફ બોર્ડ અને બીજા વચ્ચેના વિવાદમાં વકફ ટ્રિબ્યુનલના નિર્ણયને જ અંતિમ નિર્ણય માનવામાં આવતો હતો, ત્યારે હવે નવા બિલમાં ટ્રિબ્યુનલના નિર્ણય સામે હાઈકોર્ટમાં જવાનો અધિકાર રહેશે.

અત્યાર સુધી જયાં જૂની મસ્જિદ હોય અથવા જમીન/ પ્રોપર્ટીનો ઉપયોગ ઈસ્લામિક હેતુઓ માટે થતો આવ્યો હોય તો તો પ્રોપર્ટી આપોઆપ વક્ફની માની લેવામાં આવતી હતી. નવા બિલમાં એવું કહેવામાં આવ્યું છે કે, જ્યારે કોઈ વ્યક્તિ પોતાની જમીન, પ્રોપર્ટી દાન કરશે ત્યારે જ તેને વક્ફની માનવામાં આવશે. ભલે તેના પર મસ્જિદ જ કેમ ન બની હોય. સૌથી મહત્વની વાત એ છે કે, અત્યાર સુધી વક્ફ બોર્ડમાં મહિલાઓ અને અન્ય ધર્મના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ હતો, ત્યારે હવે નવા બિલમાં એવું કહેવામાં આવ્યું છે કે, વક્ફ બોર્ડમાં ૨ મહિલાઓ અને ૨ અન્ય ધર્મના લોકો હશે.દેશમાં રેલવે અને સેના બાદ વક્ફ બોર્ડ પાસે સૌથી વધુ જમીન છે. કહેવાય તો એવું છે કે, આ જમીન અને વક્ફની અબજોની સંપત્તિ અને આ પ્રોપર્ટીથી થતી આવકનો ઉપયોગ શૈક્ષણિક સંસ્થાઓ, કબ્રસ્તાન, મસ્જિદોમાં ધર્માર્થ અને અનાથાશ્રમમાં ખર્ચ કરવામાં આવે છે તેમાં જ તેનો ખર્ચ થવો જોઈએ પરંતુ એવા આરોપો લાગતા આવ્યા છે કે, વક્ફની પ્રોપર્ટીના નામે ભૂ-માફિયાઓ, રાજકારણીઓ અને પ્રોપર્ટી બિલ્ડરો મોટો ખેલ કરી જાય છે જેના કારણે સામાન્ય મુસ્લિમો અને ગરીબ મુસ્લિમોને કોઈ ફાયદો નથી થતો.

## ઈસરો ૧૬ ઓગસ્ટના રોજ પૃથ્વી અવલોકન ઉપગ્રહ-૮ લોન્ચ કરશે

નવીદિલ્હી,

ઈસરોએ કહ્યું કે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ-૮ ૧૬ ઓગસ્ટે લોન્ચ કરવામાં આવશે. તેને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ દ્વારા લોન્ચ કરવામાં આવશે. અગાઉ એવી માહિતી મળી હતી કે ૧૫ ઓગસ્ટે લોન્ચ થશે. વિલંબનું કારણ જણાવવામાં આવ્યું નથી. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) એ ટ્વિટર પર પોસ્ટ કર્યું કે એસએસએલવી ફ્લાઈટનું પ્રક્ષેપણ ૧૬ ઓગસ્ટના રોજ નિર્ધારિત છે.ઈઓએસ-૦૮ મિશનના ઉદ્દેશ્યોમાં માઈક્રોસેટેલાઈટ ડિઝાઈન અને વિકાસનો સમાવેશ થાય છે.

ઈઓએસ-૦૮ ત્રણ પેલોડ વહન કરશે. તેમાં ઈલેક્ટ્રો ઓપ્ટિકલ ઈન્ફ્રારેડ પેલોડ,ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ-રિફ્લેકમેટ્રી પેલોડ અને એસઆઈસી યુવી ડોસીમીટરનો સમાવેશ થાય છે.ઈઓઆઈઆર પેલોડ સેટેલાઈટ આધારિત સર્વેલન્સ, ડિઝાસ્ટર મોનિટરિંગ, પર્યાવરણીય દેખરેખ વગેરે માટે ઈમેજ મેળવવા માટે રચાયેલ છે.

જીએનએસએસ આર દરિયાની સપાટીની હવાનું વિશ્લેષણ, જમીનમાં ભેજનો અંદાજ, પૂરની શોધ વગેરે માટે રિમોટ સેન્સિંગ ક્ષમતાઓનું નિદર્શન કરશે.એસઆઈસી યુવી ડોસિમીટર ગગનયાન મિશનમાં અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગનું નિરીક્ષણ કરશે.એસઆઈસી યુવી ડોસિમીટર ગગનયાન મિશનમાં અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગનું નિરીક્ષણ કરશે.

અગાઉ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ૧૫ ઓગસ્ટના રોજ શ્રીહરિકોટા સ્પેસપોર્ટ પરથી સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલનો ઉપયોગ કરીને ૧૭૫.૫ કિલોગ્રામ વજન ધરાવતો પૃથ્વી અવલોકન ઉપગ્રહ લોન્ચ કરવાનું હતું. પરંતુ કોઈક કારણસર હવે આ ઉપગ્રહ ૧ દિવસ બાદ એટલે કે ૧૬ ઓગસન્ટના રોજ શ્રી હરિકોટાથી લોન્ચ કરાશે.

ઈસરોએ પૃથ્વી ઉપગ્રહને લઈને માહિતી આપતા જણાવ્યુંહતુંકે, "૧૭૫.૫ કિગ્રા વજન ધરાવતો આ ઉપગ્રહ ત્રણ પેલોડ વહન કરશે, જે જમીનના ભેજના મૂલ્યાંકનથી લઈને આપત્તિ વ્યવસ્થાપન સુધીના વિવિધ ક્ષેત્રોમાં ઉપયોગ માટે તૈયાર કરવામાં આવ્યા છે. "આ અવકાશયાન લગભગ એક વર્ષ સુધી ૪૭૫ કિલોમીટરની ઉંચાઈએ ગોળાકાર નીચી પૃથ્વીની ભ્રમણકક્ષામાં રહેશે."ઈઓઆઈઆર પેલોડને મિડ-વેવ આઈઆર (એમઆઈઆર) અને લોંગ-વેવ આઈઆર (એલડબ્લ્યુઆઈઆર) બેન્ડમાં દિવસ અને રાત બંનેમાં ફોટા લેવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં સેટેલાઈટ-આધારિત સર્વેલન્સ, ડિઝાસ્ટર મોનિટરિંગ, આમાં પર્યાવરણીય દેખરેખ, આગ શોધ, જ્વાળામુખી પ્રવૃત્તિઓ, તેમજ ઔદ્યોગિક અને પાવર પ્લાન્ટ ડિઝાસ્ટર મોનિટરિંગનો સમાવેશ થાય છે.

## રાજ્યની સરકારી શાળાઓમાં ૧૩૪ ગુટલીબાજ શિક્ષકોની સરકારે હકાલપટ્ટી કરી

ગાંધીનગર

રાજ્ય સરકારે ૧૩૪ ગુટલીબાજ શિક્ષકોને બરતરફ કર્યા છે. આમ શિક્ષણ વિભાગે ગુટલીબાજ શિક્ષકો અને ભૂતિયા શિક્ષકોના કિસ્સામાં પગલાં લેવાનો પ્રારંભ કર્યો છે. સસ્પેન્ડ કરવામાં આવેલા શિક્ષકો ૨૦૧૯થી ૨૦૨૨ સુધી સતત ગેરહાજર રહ્યા હતા.ગેરહાજર રહેનારા શિક્ષકોમાં સૌથી વધુ બનાસકાંઠાના ૧૮ શિક્ષકો ગુટલીબાજ હતા, જ્યારે બીજા ક્રમે છોટાઉદેપુરના કુલ ૧૬ શિક્ષકો ગુટલીબાજ હતા. આ શિક્ષકો સતત ગેરહાજર હતા અને તેમની ગેરહાજરીને લઈને છેવટે દાદાએ ડંગોરો ઉગામ્યો હતો.

રાજયમાં શિક્ષકોની ગેરહાજરીની બાબતે વધતા જતા બનાવોને લઈને છેવટે શિક્ષણ વિભાગ કુંભકર્ણ નિંદ્રામાંથી જાગ્યું છે. તેણે ગેરહાજર શિક્ષકો બાબતે હાથ ધરેલી તપાસમાં જણાવ્યું હતું કે રાજયના કુલ ૨૭ જિલ્લામાં આવેલી જુદી-જુદી સરકારી શાળામાં ૧૫૧ શિક્ષક ગેરહાજર છે.

આ શિક્ષકો ત્રણ મહિના કરતાં વધુ સમયથી ગેરહાજર છે અને તેમા ૯૧ શિક્ષકો ગેરકાયદેસર રીતે રજા પર ઉતર્યા છે અને ૬૦ શિક્ષકો વિદેશમાં છે. આ વાત બીજા કોઈએ નહીં શિક્ષણપ્રધાને પોતે જણાવી છે. કોઈને પણ આશ્ચર્ય થાય કે આટલા શિક્ષકો વિદેશમાં પણ તે હકીકત છે. આ રીતે શિક્ષકો મહિનાઓની રજાઓ મૂકીને વિદેશમાં જતાં રહે પછી ભણતરનો ક્યાંથી ઉદ્ધાર થાય.

સરકાર પોતે પાછી કબૂલે છે પણ ખરી કે કુલ ૧૫૧ શિક્ષકો રજા પર છે અને તેમાથી ૯૧ એટલે કે અડધાથી તો વધારે શિક્ષકોએ ગેરકાયદે રજા લીધી છે. આટલા હોબાળા પછી હવે સરકાર આ રીતે રજા પર ઉતરેલા શિક્ષકો સામે કાર્યવાહી કરશે. આ બધુ તો થતાં થશે, પણ આટલા સમયગાળા સુધી બાળકોના ભણતરનો ભોગ લેવાયો તેનું વળતર કોણ આપશે. ગરીબ બાળકોના ભણતરનું કોઈ મૂલ્ય નથી. જો શિક્ષકો સરકાર પાસેથી ૭૦થી ૮૦ હજાર રૂપિયા લેનારા શિક્ષકો ભણાવતા ન હોય તો પછી સરકાર શિક્ષણને તાળા જ મારેને, પછી તે શિક્ષકોની ભરતી જ શું કામ કરે.

## ભારતને મળ્યો વધુ એક ઝટકો, ટોક્યોમાં બેડમિન્ટનમાં ગોલ્ડ મેડલ જીતનાર ખેલાડી સસ્પેન્ડ



નવીદિલ્હી,

બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (બીડબ્લ્યુએફ)એ જાહેરાત કરી છે કે ભારતને ટોક્યો પેરાલિમ્પિકમાં ગોલ્ડ મેડલ અપાવનારા બેડમિન્ટન ખેલાડી પ્રમોદ ભગતને ડોપિંગ સંબંધિત નિયમોના ભંગને કારણે ૧૮ મહિના માટે સસ્પેન્ડ કરાયા છે. તેઓ હવે પેરિસ પેરાલિમ્પિક રમતોત્સવમાં ભાગ લઈ શકશે નહીં. પેરિસમાં પેરાલિમ્પિક ૨૮ ઓગસ્ટથી ૮ સપ્ટેમ્બર સુધી ચાલશે.

બીડબ્લ્યુએફે પોતાના એક નિવેદનમાં જણાવ્યું કે ટોક્યો ૨૦૨૦ પેરાલિમ્પિક ચેમ્પિયન પ્રમોદ ભગતને ૧૮ મહિના માટે સસ્પેન્ડ કરાયા છે અને તેઓ પેરિસ ૨૦૨૪ પેરાલિમ્પિક રમતમાં ભાગ લઈ શકશે નહીં. પ્રમોદ ભગત પર એન્ટી ડોપિંગ ડિવિઝન કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટએ દોષિત ઠરવા બદલ કાર્યવાહી કરી છે.

બીડબ્લ્યુએફ તરફથી જણાવાયું કે એન્ટી ડોપિંગ ડિવિઝન કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટે પ્રમોદ ભગતને ૧૨ મહિનાની અંદર ઉવાર પોતાના ઠેકાણા અંગે જાણકારી આપવા કહ્યું હતું પરંતુ તેઓ આમ કરવામાં નિષ્ફળ રહ્યા. ત્યારબાદ ૧ માર્ચ ૨૦૨૪ના રોજ સીએસએએ તેમને દોષિત ઠેરવીને ૧૮ મહિનાનો પ્રતિબંધ લગાવ્યો હતો. પ્રમોદે આ નિર્ણય વિરુદ્ધ અપીલ કરી હતી પરંતુ ૨૯ જુલાઈના રોજ સીએસએ અપીલ ડિવિઝને તેને ફગાવી દીધી હતી.

ટોક્યો પેરાલિમ્પિક ૨૦૨૦માં પ્રમોદ ભગતે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ વર્ષે પણ તેઓ શાનદાર લયમાં જોવા મળતા હતા. વર્ષના શરૂઆતના મહિનામાં પ્રમોદે થાઈલેન્ડના પટાયામાં પેરાબેડમિન્ટન વિશ્વ ચેમ્પિયનશીપમાં ઈંગ્લેન્ડના ડેનિયન બથેલને હરાવીને પુરુષ સિંગલ્સનો ખિતાબ જીત્યો હતો. ભગતે ૧ કલાક ૪૦ મિનિટ સુધી ચાલેલા આ મુકાબલામાં બથેલને ૧૪-૨૧, ૨૧-૧૫, ૨૧-૧૫ ના અંતરથી હરાવ્યો હતો. આ અગાઉ તેમણે વર્ષ ૨૦૧૫, ૨૦૧૯સ ૨૦૨૨માં પણ આ ખિતાબ પોતાના નામે કર્યો હતો.

## ઉત્તર પ્રદેશમાં વધુ એક લવજેહાદનો કિસ્સો સામે આવ્યો , ધરપકડ કરાઈ

ગાઝિયાબાદ,

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં વધુ એક લવજેહાદનો કિસ્સો હિન્દુ યુવાનોએ બહાર પાડ્યો છે. ઘટના એવી હતી કે, ગાઝિયાબાદના ઓવાયઓમાંથી બહાર આવતાં જ વિધર્મી યુવકને પકડી લીધો હતો, યુવક એક યુવતી સાથે હોટલમાંથી નીકળ્યો હતો, તેનું નામ મોહમદ મોહસીન અલી હતું, જોકે યુવતી હિંદુ હતી.

મહત્વનું છે કે આ યુવકે પોતાનું નામ બદલીને હિન્દુ યુવતીને ફસાવી હતી. આ વીડિયોમાં હિન્દુ સંગઠનના લોકોએ જ મોહસીન પાસેથી સંપૂર્ણ કબૂલાત કરાવી હતી.

વીડિયો અનુસાર અમન ઉર્ફે મોહસીન અલીએ, યુવતીનો અશ્લીલ વીડિયો પણ બનાવ્યો હતો અને તેના મોબાઈલમાંથી યુવતીઓના વીડિયો ફોટો પણ મળી આવ્યા હતા.

લવ જેહાદ કાયદો બનાવવાના વીડિયોમાં હિન્દુ સંગઠનના આ યુવાનો યુપીના મુખ્યમંત્રીને હાથ જોડીને ફરી આભાર પણ માન્યો હતો. આ વીડિયો ગાઝિયાબાદ જિલ્લાના અંકુર વિહાર પોલીસ સ્ટેશન વિસ્તારનો હોવાનું કહેવાય છે. વીડિયો વાયરલ થયો છે. આ ખુલાસો કરનાર હિન્દુ સંગઠનનો યુવક એ જ છોકરો છે જેણે દિલ્હીમાં કન્હૈયાને થપ્પડ મારી હતી.

## રાજ્ય સરકારના કર્મચારીઓને એલ.ટી.સી/વતન પ્રવાસ હેતુ માટે વંદે ભારત ટ્રેનના પ્રવાસને માન્યતા આપી

ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસના હેતુ માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીને માન્યતા આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.રાજ્ય સરકારના કર્મચારીઓને દર ચાર વર્ષે એલ.ટી.સી/ વતન પ્રવાસનો લાભ ૬૦૦૦ કિ.મી. ની મર્યાદામાં આપવામાં આવે છે. કર્મચારીઓ દ્વારા આવા પ્રવાસ અન્વયે ટ્રેન દ્વારા મુસાફરી કરવામાં આવતી હોય છે.ભારતીય રેલવે દ્વારા છેલ્લા થોડાક વર્ષોથી આધુનિક સુવિધા સાથેની વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારનાં કર્મચારીઓ દ્વારા તેમને મળતા આવી રજા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવા મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્મચારીઓના વ્યાપક હિતમાં આ સંદર્ભમાં ઉદાર વલણ અપનાવીને એલ.ટી.સી. બ્લોક-૨૦૨૦-૨૩ની શરૂઆતથી રજા પ્રવાસ રાહત માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીનો પણ સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે.રાજ્ય સરકારનાં પાંચ લાખ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત દરમ્યાન આ નિર્ણયનો લાભ મળશે. મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં નાણા વિભાગ દ્વારા આ અંગેના ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવશે.

### સ્વાતંત્ર્ય પર્વ રાજ્ય ઉત્સવ : ખેડા - નડિયાદ

# મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી બે દિવસ નડિયાદના મહેમાન બનશે

- સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આજે યોજાનાર એટ હોમ અને 'ખેડાનું ખમીર' સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય મંત્રી સહભાગી થશે.
- મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખેડા જીલ્લાને મળશે રૂ.૧૧૮.૫૪ કરોડના ૨૧૮ વિકાસ પ્રકલ્પોની સોગાદ.
- સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણી નિમિત્તે છેલ્લા એક સપ્તાહમાં જીલ્લાના દસ તાલુકાના ગામડાઓમાં રૂ.૮૦૬.૫૪ લાખના ૩૦૨ વિકાસકામોનું લોકાર્પણ
- ખાતમુહૂર્ત કરાયું.

નડિયાદ,

સંત,સાક્ષર અને સરદારની ભૂમિ એવા નડિયાદમાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણી થનાર છે. જીલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવના માર્ગદર્શન હેઠળ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાનાર તમામ કાર્યક્રમોને આખરી ઓપ આપવામાં આવ્યો છે. ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ તા.૧૪.૦૮.૨૦૨૪ ના રોજ નડિયાદના મહેમાન બનશે.

તા.૧૪ ઓગસ્ટના રોજ સાંજના ૪.૦૦ કલાકે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે શહેરના યોગી ફાર્મ ખાતે યોજાનાર એટ હોમ કાર્યક્રમમાં રાજયપાલ તેમજ મુખ્ય મંત્રી સહભાગી થશે.ત્યારબાદ સ્વતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ ડાકોર રોડ પર આવેલા હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનાર 'ખેડાનું ખમીર' સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

આ મલ્ટીમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખેડા જીલ્લાના પ્રાગૈતિહાસિક યુગથી લઈ સમકાલીન ખેડા જીલ્લાના વિકાસની વાતને આવરી લેવામાં આવી છે.

આ કાર્યક્રમમાં સ્થાનિક નડિયાદ કલા મંદિરના ૪૦ સહિત ૨૨૫થી વધુ નાટક નૃત્ય કલાકારો એક સાથે આ કાર્યક્રમની પ્રસ્તુતિ કરશે. આ કાર્યક્રમમાં ખેડા જીલ્લાનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન, સાહિત્યિક વારસો, સાંસ્કૃતિક, ધાર્મિક ધરોહરને કલાના માદયમથી ઉજાગર કરવામાં આવશે.આ કાર્યક્રમમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખેડા જીલ્લાની વિશિષ્ટ પ્રતિભાઓનું શાલ અને બહુમાનપત્ર આપી સન્માન કરવામાં આવશે.

મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ આ અવસરે ખેડા જીલ્લાના રૂ.૧૧૮.૫૪ કરોડના ૨૧૮ વિકાસ કામોનું ઈ–લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.જેને પરિણામે જીલ્લાના વિકાસને વધુ વેગ મળશે.

આ અવસરે રાજયપાલ તેમજ મુખ્ય મંત્રીના હસ્તે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રકાશિત ખમીરવંતુ ખેડાઅને ખંતીલું ખેડા જીલ્લા પરિચય પુસ્તિકાનું વિમોચન પણ કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેડા જીલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની રાજય કક્ષાની ઉજવણી નિમિત્તે છેલ્લા એક સપ્તાહમાં જીલ્લાના દસ તાલુકાઓના ગામડાઓમાં ૮૦૬.૫૪ લાખના ૩૦૨ જેટલા વિકાસકામોનું સાંસદ,ધારાસભ્યો અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ – ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વાતંત્ર્ય દિન તા.૧૫ ઓગસ્ટના રોજ એસ.આર.પી મેદાનમાં રાષ્ટ્રની આન,બાન અને શાન એવા તિરંગાને લહેરાવશે.આ અવસરે પોલીસ અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા દેશભક્તિથી સભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના કેશવ કથા કુંજ હોલ,યોગી ફાર્મ ખાતે પોલીસ વિભાગ દ્વારા શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રદર્શન જાહેર જનતા માટે તા.૧૫ અને ૧૬ ઓગસ્ટના રોજ સવારે ૯ વાગ્યાથી સાંજના ૭ કલાક સુધી ખુલ્લું રહેશે.

આ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણ, રાજપાલસિંહ જાદવ,ધારાસભ્યો, મુખ્ય સચિવ રાજકુમાર, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય, ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## માલવણ પી.એચ.સી. ખાતે રકતદાન કેમ્પ યોજયો




કડાણા,

કડાણા તાલુકાની પી.એચ.સી. કેન્દ્ર ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં લોકો હાજર રહીને બ્લડ ડોનેટ કર્યું.મહિસાગર જીલ્લાના કડાણા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. રકતદાન કેમ્પમાં જીલ્લા મુખ્ય આરોગ્ય અધિકાર, તાલુકા હેલ્થ ઓફિસર અને માલવણ પી.એચ.સી.ના મેડીકલ ઓફિસર હાજર રહ્યા હતા. માલવણ પી.એચ.સી. ખાતે રકતદાન શિબીરમાં ૪૧૫ યુનિટ બ્લડ ડોનેટ કર્યુ હતું. આસપાસ લોકએ મોટી સંખ્યામાં રકતદાન કર્યું છે.

## મહિસાગર જીલ્લાના બાલાસિનોર ખાતે પોલીસ દ્વારા તિરંગા વિતરણ કરવામાં આવ્યા



બાલાસિનોર,

બાલાસિનોર પોલીસ દ્વારા હર ઘર તિરંગા અભીયાના અંતર્ગત તિરંગા વિતરણ કરવામાં આવ્યું હતું. દેશની આનબાન અને શાન એવા તિરંગાને ફરી આપણા આંગણે ફરકવાનો અમુલો અવસર સાંપડ્યો છે. આઝાદીના ૭૮ વર્ષ પૂર્ણ થવાના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશવાસીઓને પોતાના ઘેર કાર્ય સ્થળે દુકાન અને વ્યવસાયના સ્થળે ધ્વજ ફરકાવી હર ઘર તિરંગા અભિયાનમાં જોડાવાનું આવવાન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત બાલાસિનોર પોલીસ સ્ટેશન પીઆઇ એ.એન.નિનામા તથા સ્ટાફ દ્વરા પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર બસ સ્ટેન્ડ થી લઈને રજપૂરી દરવાજા ખાતે તિરંગા વિતરણ કરાયું હતું. આ ઉપરાંત માર્ગો પર ઉભી રહીને વાહનચાલકોને તેમજ પસાર થતા રાહદારીઓને તિરંગાનુ વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

## ૭૮મું સ્વાતંત્ર્ય પર્વ રાજયકક્ષાની ઉજવણીઃ નડિયાદ

નડિયાદ,

મુખ્યમંત્રી બુધવારે ૧૪ ઓગસ્ટ ૨૦૨૪, ૭૮માં સ્વતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ આયોજીત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવા બપોરે નડીયાદ પહોંચશે અને સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળની મૂલાકાત લઈને સરદાર ને ભાવાંજલી અર્પણ કરી તેમના કાર્યક્રમોની શરૂઆત કરશે.

મુખ્યમંત્રી ત્યારબાદ સંતરામ મંદિરના દર્શન કરવા ઉપરાંત નડિયાદના હિંદુ અનાથ આશ્રમની મુલાકાત પણ લેવાના છે.

૭૮માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ નડીયાદમાં આયોજીત રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની વિશેષ ઉપસ્થિતીમાં નડિયાદમાં આયોજીત એટ હોમ કાર્યક્રમમાં પણ ભૂપેન્દ્ર પટેલ જોડાશે.

મુખ્યમંત્રી ૭૮માં સ્વતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીના ઉપલક્ષમાં ગુજરાત પોલીસ દ્વારા નડિયાદમાં યોજાનાર શસ્ત્ર પ્રદર્શનનું ઉદઘાટન કરશે અને ત્યારબાદ મોડી સાંજે રાજયપાલની પ્રેરક ઉપસ્થિતીમાં ૧૧૮ કરોડ રૂપીયાના વિવિધ વિકાસ કામોના ઈ–લોકાર્પણ, ઈ–ખાતમૂર્હત કરવા સાથે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રી તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૪, ગુરૂવારે, સવારે ૮.૫૮ કલાકે નડિયાદના એસ.આર.પી. ગ્રાઉન્ડ ખાતે ૭૮માં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં રાષ્ટ્રદવજ લહેરાવીને દ્વજવંદન કરાવશે અને રાજ્યના નાગરીકોને સ્વતંત્રતા પર્વે પ્રજાજોગ સંદેશ આપશે.

## વાંદરીયા પશ્ચિમ પ્રા.શાળામાં પી.એચ.સી.ના કર્મચારી દ્વારા નશા મુકિત નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યુ



આજ રોજ વાંદરીયા પશ્ચિમ પ્રા શાળામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકડીના કર્મચારી વાસુદેવ પારગી અને મીનાક્ષીબેન પણદા દ્વારા નશા મુકિત અભિયાન અંતર્ગત નિબંધ લેખન, વકૃત્વ અને ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં ધોરણ ૫ થી ૮ ના તમામ બાળકોએ ભાગ લીધો નશામુકત ભારત નિબંધ.. શું આજે વ્યસનમુકિત માં સુધારો થયો છે. વકૃત્વ બાળકો દ્વારા સ્પીચ આપી અને પોતાના અવનવા વિચારો રજૂ કર્યા હતાં. જયારે આજે સમાજમાં વ્યસન અજગરની માફક ભરડો લીધો છે. ત્યારે આ બાળકોની રચનાઓમાં એમના ઉપાયો પણ સરસ રીતે રજૂ કર્યા હતાં. છેલ્લે આરોગ્ય વિભાગ દ્વારા બામણીયા જાગૃતિ, બામણીયા અર્ચના અને પલાસ પુષ્પરાજને તથા દ્વિતીય અને તૃતીય આવનારને પણ ઈનામ આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

## સંતરામપુર તાલુકાના ભાણા સીમલ ગામે કાચું મકાન પડી જતા ઘરમાં રહેલા મહિલાનો બચાવ થયો



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ભાણા સીમલ ગામે કાચા મકાનમાં રહેતા ડામોર કાંતાબેન રામસિંગભાઈ સાંજના સમયે ઘરમાં બેસીને ચૂલા પાસે જમવાનું બનાવતા હતા. અત્યારે ચોમાસાની સિઝન ચાલી રહેલી છે અને વરસાદ પડી રહેલો હતો. તે સમયે દરમિયાનમાં મકાન પડી ગયું હતું. મકાન પડી જતા ડામોર કાંતાબેન જમવાનું બનાવતા બનાવતા તેમની ઉપર આખું મકાન પડતાં બૂમ બરડા કરી મુકેલા હતા. આજુબાજુના ગામના લોકો દોડી આવ્યા હતા ઘરની અંદર મહિલા દબાઈ ગયેલી તેને બધા ભેગા થઈને કાટમળ હટાવીને બહાર કાઢવામાં આવી મહિલાનો આબાદ બચાવ થયો હતો સંતરામપુર તાલુકાના ભાણા સીમલ ગામે આ મહિલા માળી ફળિયામાં રહેતા ડામોર કાંતાબેન રામસિંગભાઈ વિધવા મહિલા છે અને તેમનો એક જ પુત્રો છે પરંતુ આ વિધવા મહિલાને આજ દિન સુધી વડાપ્રધાન આવાસ યોજનાનો લાભ પણ આપવામાં આવેલો જ ન હતો. ગુજરાત સરકારના ચોપડે મહિસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં વડાપ્રધાન આવાસ યોજનાના મોટા પ્રમાણમાં મકાનો બની ગયેલા બતાવતા હોય છે અને તેની પાછળ કરોડો રૂપિયા ખર્ચી દેવામાં આવે છે, પરંતુ જો સંતરામપુર તાલુકાના મોટાભાગના અંતરે વિસ્તારમાં ગરીબ રેખા હેઠળ જીવતા જો જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અને તળ તપાસ કરવામાં આવે તો હજુ પણ ગરીબ લાભાર્થીઓને ગામડામાં વડાપ્રધાન આવાસ નો લાભ જ નથી મળી રહ્યો છું હજુ પણ મોટાભાગના ગામડાના લોકો ઝૂંપડા બાંધીને કાચા મકાનમાં પોતાના પરિવાર સાથે રહેતા હોય છે સરકાર મોટા મોટા વડાપ્રધાન આવાસ યોજનાની ફળગા ફૂકે છે કે અમે ઘરે ઘરે ગરીબોને ઘરનું ઘર આપ્યું છે, પરંતુ સંતરામપુર તાલુકાની હજુ પણ પરિસ્થિતિ જે છે એ જોવા મળી રહેલી છે. જો ખરેખર ભાણા સીમલ ગામે આ વિધવા મહિલાની વડાપ્રધાન આવાસ યોજનાની લાભ આપ્યો હોય અને તેમને મકાન બનાવીને આપ્યું હોય તો અત્યારે આવા કાચા મકાનની અંદર મહિલાનો જીવ જોખમમાં ના મુકાયો હોય આજે ગામના લોકોના સહારે મહિલાને બહાર કાઢવામાં આવી અને તેનો જીવ બચાવવામાં આવેલો છે. આવા ગરીબ માણસોને વડાપ્રધાન આવાસનો લાભ મળી અને તેમને ન્યાય મળે એવા ખરેખર તે જરૂરી છે અને સંતરામપુર તાલુકામાં વડાપ્રધાન આવાસ યોજના હેઠળ તપાસનો વિષય બન્યો છે.

## આઝાદીના પર્વને આવકારવા નડિયાદ સહિત ખેડાવાસીઓમાં અનેરો ઉત્સાહઃ સરદાર ની જન્મ ભૂમિમાં જામ્યો દેશભકિતનો માહોલ

નડિયાદ,

ખેડા જીલ્લાના નડિયાદમાં ૭૮મા સ્વતંત્રતા દિવસની રાજયકક્ષાની ઉજવણી થનાર છે. આ ઉજવણી નિમિત્તે યોજાનાર કાર્યક્રમોને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવ્યો છે.નડિયાદ શહેર સહિત ખેડા જીલ્લાવાસીઓમાં આઝાદી પર્વનો ઉજવણીનો અનેરો ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. સ્વાતંત્ર્ય પર્વના રાજય ઉત્સવ નિમિત્તે સમગ્ર નડિયાદ શહેરને રોશનીથી શણગારવામાં આવ્યું છે.

રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નડિયાદના મહેમાન બની આ રાષ્ટ્રીય ઉત્સવમાં સહભાગી થવાના છે.નડિયાદ શહેરમાં આવેલ




સરદાર પટેલ જન્મ સ્થાન,ગાંધીજીની પ્રતિમાને રોશની કરવા સાથે સમગ્ર શહેરના મુખ્ય માર્ગોને રોશનીથી શણગારવામાં આવ્યા છે.

રાજયકક્ષાના સ્વતંત્ર પર્વ નિમિત્તે એસ.આર.પી ગ્રાઉન્ડ ખાતે દ્વજવંદન કાર્યક્રમ યોજાવાનો છે. સરકીટ હાઉસથી દ્વજવંદન કાર્યક્રમના માર્ગને પણ રોશનીથી સજ્જ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત નડિયાદ શહેરની વિવિધ સરકારી કચેરીઓ જેવી કે, કલેકટર કચેરી,જીલ્લા પંચાયત,જીલ્લા પોલીસ અધિક્ષક કચેરી, સરકીટ હાઉસ, જૂની કલેકટર કચેરી સરદાર ભવન સહિતની કચેરીઓને શણગારવામાં આવી છે. જીલ્લામાં તાલુકા કક્ષાએ આવેલા સરકારી કચેરીઓમાં પણ રોશની કરવામાં આવી છે. શહેર જીલ્લાના વિવિધ ધાર્મિક,ઐતિહાસિક સ્થળોને પણ રોશનીથી શણગારવામાં આવ્યા છે. નડિયાદમાં ૭૮મા સ્વાતંત્ર પર્વની રાજય કક્ષાની ઉજવણીનો અનોખો દેશભકિતનો માહોલ જામ્યો છે.

## આપની આજ.......

મેષ:આજનો દિવસ આનંદદાયક રહેશે. સુંદરતામાં વધારો કરશે. નજીકના મિત્રની સલાહ અને સહકારથી તમે તમારા ખરાબ કામને યોગ્ય રીતે કરી શકો છો, સમયનો લાભ લઈ શકો છો.

વૃષભ: તમે આજનો દિવસ કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં વિતાવશો. તમારો ભૌતિક દ્રષ્ટિકોણ આજે બદલાઈ શકે છે. કામ કાળજીપૂર્વક કરવાનો પ્રયાસ કરો, જે તમારા આત્મસન્માનમાં વધારો કરશે.

મિથુન:આજે કાર્ય સુધારવા માટે આજનો દિવસ વિશેષ યોગદાન આપવાનો દિવસ છે. નિષ્ણાતની સલાહ પછીથી તમારા માટે ઉપયોગી સાબિત થશે. પારિવારિક જીવનની વાત કરીએ તો તમારા આનંદના દિવસો આવવાના છે.

કર્ક:રાજ્ય માન-પ્રતિષ્ઠા અને સારા પ્રકારની સંપત્તિ આપનાર છે. આજે ચંદ્ર પણ સુખ અને શાંતિના બીજા ઘરમાં છે. વેપારના ક્ષેત્રમાં તમને નવા સાથીઓ મળશે. તેમના સહકારથી તમને ભવિષ્યમાં લાભ મળવાની શક્યતા છે.

સિંહ:આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે. વ્યવસાયમાં બધા બિનજરૂરી કામ સરળતાથી થઈ જશે.

કન્યા:આજનો દિવસ દોડધામ અને વિશેષ ચિંતામાં પસાર થઈ શકે છે. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યને લઈને ચિંતિત થઈ શકો છો. મહેમાનો પણ કેટલાક લાંબા સ્ટોપ બનાવવા વિચારી રહ્યા છે. તેનાથી બિલકુલ પરેશાન ના થાઓ.

તુલા:તમારી પ્રાથમિકતા વ્યવસાય પર ધ્યાન આપવાની હોવી જોઈએ. આજ બપોર સુધીમાં તમારે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે લપેટવો જોઈએ, તમારો આગળનો દિવસ ખૂબ વ્યસ્ત હોઈ શકે છે અને તેના કારણે તમને સમય નહીં મળે.

વૃશ્ચિક:આજે કેટલાંક ખર્ચ પણ શક્ય છે. સંતાન તરફથી આનંદના સમાચાર મળશે અને પરિવારમાં આનંદનું વાતાવરણ રહેશે. લાંબા સમયથી અટકેલા કેટલાક કામ કરવાનો પ્રયાસ કરો. આજનો દિવસ સારો છે, તમારા કામ થઈ શકે છે.

ધન:ધન, ધર્મ અને ખ્યાતિમાં વધારો થશે. દુશ્મનની ચિંતાનું દમન, દરેક જગ્યાએ વિજય સફળતા મેળવવામાં આનંદદાયક ફેરફારો થશે. આજે તમે પરિવારના કોઈ સભ્યની મદદથી પૈસા કમાઈ શકો છો.

મકર:ઘરમાં ભાગ્ય વધારવામાં મદદરૂપ સાબિત થઈ રહ્યો છે. કાર્યસ્થળમાં તમારા માટે સારો વળાંક સાબિત થશે. તમે વ્યવસાયમાં નજીકના સહયોગી પ્રત્યે સાચી ઈમાનદારી અને મધુર વાણી રાખીને લોકોના દિલ જીતી શકો છો.

કુંભ:આજે ઘણા પ્રકારના લોકો તમારી પાસે આશ્રય માટે આવશે. સમજી વિચારીને કામ કરીને દરેકને માન આપો. આ લોકો પાછળથી ઉપયોગી થશે. નોકરી કે કામ-ધંધાના ક્ષેત્રમાં મૌન રહેવું આજે ફાયદાકારક રહેશે. દલીલો અને તકરાર ટાળો. તે તમારા માટે હાનિકારક રહેશે.

મીન:ઈચ્છા સિદ્ધિનું પરિબળ છે. સ્થાનિક સ્તરે માંગલિક કાર્યોનું પણ આયોજન કરી શકાય છે. ધાર્મિક કાર્યમાં રસ અને નજીકની મુસાફરી શક્ય છે. જો તમે રાતનો થોડો સમય પરિવાર સાથે વિતાવશો તો સારું રહેશે. જીવનસાથી સાથે આજનો દિવસ સારો પસાર થશે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત સેકુદીન સાદીકઅલી
તરફથી અભીનંદન....
મુ.માંડવ
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રત્નેશ્વર આ.વિ.મંડળી
તરફથી અભીનંદન....
મુ.ભુવેરો
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી.આગસવાણી.લેમ્પસ મંડળી
તરફથી અભીનંદન....
મુ.પાવ
તા.ધાનપુર

# ઝાલોદ નગરમાં તાલુકાકક્ષાની તિરંગા યાત્રા ધારાસભ્ય મહેશ ભૂરીયાની અદ્યક્ષતામા યોજાઈ



ઝાલોદ,
ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ અપીલ મુજબ આગામી ૯ -૧૫ ઑગસ્ટ સુધી રોજ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અલગ અલગ રાજ્યોમાં, જીલ્લાઓમાં, તાલુકાઓમાં તેમજ દરેક નાના ગ્રામ્ય વિસ્તારોમાં તિરંગા યાત્રા કાઢવા માટે માર્ગદર્શન આપેલ હતું. તેના ભાગરૂપે સમગ્ર દેશમાં તિરંગા યાત્રા અને ફરી એકવાર હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ઝાલોદના ધારાસભ્ય મહેશ ભુરીયાની અદ્યક્ષતામાં ઝાલોદ નગરમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.

ઝાલોદ નગરમાં તિરંગા યાત્રા માટે અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ યાત્રામાં અબાલ વૃધ્ધ સહુ લોકોએ ઉમંગભેર ભાગ લીધો હતો. દરેક નાગરિકોના હાથમાં ભારતનો તિરંગો શોભયમાન થતો જોવા મળતો હતો. તેમજ દરેકના હાથમાં તિરંગો દેશ ભક્તિ અને અખંડ ભારતનો સંદેશો આપતો હતો. હર ઘર તિરંગા અંતર્ગત દરેક સ્કૂલ, કોલેજ,આંગણવાડી તેમજ કચેરીઓમાં ઉજવણી થઈ રહી છે. ભારત સરકાર આવા સુંદર પ્રોગ્રામ થકી દેશ ભક્તિનો રંગ દરેક ભારતીયોની નસ નસમા રહે અને સદાય દરેક ભારતીય દેશભક્તિના રંગમાં રંગાયેલ રહે તેવા આયોજન કરી રહેલ છે.

તિરંગા યાત્રા થકી દરેક લોકોમાં રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ વધુ મજબૂત બની છે. આપણા દેશનો તિરંગો દરેક લોકોને પ્રેરણા આપે છે કે દેશના સહુ લોકોને આપણો રાષ્ટ્રધ્વજ દેશ માટે રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ , રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ રહેવાની પ્રેરણા આપે છે. આપણું રાષ્ટ્રધ્વજ એ દરેક ભારતીયની આન ,બાન ,શાન છે તેમજ આપણે આપણી રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી વધું ગૌરવભેર થઈ નિભાવવી જોઈએ આ ૭૮ મા સ્વાતંત્ર દિવસની ઉજવણી પ્રસંગે ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા સંદેશો આપવામાં આવ્યો કે આપણે સહુ રાષ્ટ્રને વફાદાર રહી રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી પૂરી નિષ્ઠા સાથે નિભાવીયે અને દેશના વિકાસમાં દરેક ભારતીય ખભે થી ખભે મિલાવી દેશની પ્રગતિમા ફાળો આપીએ. આપણે સહુ એક રહી સદાય રાષ્ટ્રને વફાદાર બની રાષ્ટ્ર કલ્યાણ માટેના કાર્યો કરતા રહીએ. આજની આ તિરંગા યાત્રા મુવાડા ઝાલા વસૈયા ચોક થી ( તિરંગા ચોક ) બસ સ્ટેશન થઇ એ.પી.એમ.સી સુધી યોજાઈ હતી. આ તિરંગા યાત્રાના રૂટમા આવેલ તમામ રસ્તાઓના ડિવાઈડર તિરંગા દવજ થી લહેરાતા જોવા મળતા હતા. ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા લીલી ઝંડી આપી નગરમાં પ્રસ્થાન કરાવ્યું હતું. ચારે તરફ તિરંગા દવજ લહેરાતો જોવા મળતો હતો. નગરમાં તિરંગા યાત્રા દરમ્યાન ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા રામજી મંદિર, વિશ્વકર્મા મંદીર અને ગણેશ મંદિરે દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યાર બાદ માર્ગમા આવતા સરદાર પટેલ અને બાબા આંબેડકરની પ્રતિમાને માલ્યાર્પણ કરવામાં આવેલ હતું. નગરના માર્ગો દેશ ભક્તિના સૂર થી રેલાતુ જોવા મળતું હતું. આખું ઝાલોદ નગર દેશ ભક્તિના રંગે રંગાઈ ગયેલ હતું. આ તિરંગા યાત્રામાં ધારાસભ્ય મહેશભાઇ ભુરીયા ,પ્રાંત અધિકારી એ.કે.ભાટીયા,ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ, મામલતદાર શૈલેન્દ્ પરમાર ,તાલુકા વિકાસ અધિકારી કે.એચ.ગઢવી , પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, જીલ્લા પંચાયત સભ્ય લલિત ભૂરીયા, ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ,સી.પી.આઈ રાઠવા, તેમજ જીલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલરો, ઝાલોદ નગરના ભાજપ સેલના તમામ કાર્યકર્તાઓ, આંગણવાડી બહેનો તેમજ સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટા પ્રમાણમાં હાજર હાજર રહ્યા હતા. છેલ્લે એ.પી.એમ.સી. ખાતે યાત્રાનું સમાપન રાષ્ટ્રગીત ગાઈ કરવામાં આવ્યું હતું.

# દાહોદ શહેર તિરંગા યાત્રાને લઈ શહેર દેશ માટે જાગૃત કરવા અને દેશભક્તિ ના ગીતો થી ગુજી ઉઠ્યું હતુ



દાહોદ,
દેશમાં ૭૮ માં આઝાદીના પર્વને લઈને હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત જીલ્લાના અને તાલુકાઓના અલગ અલગ ગામોમાં રાજકીય પક્ષો અને સરકારી કાર્યક્રમો અંતર્ગત તિરંગા યાત્રાઓ યોજી દેશની ભાવના દરેક ભારતીય નાગરિકના દીલમાં જગાવી રહ્યા છે, તે જ અંતર્ગત દાહોદ તાલુકા ભાજપ અને શહેર ભાજપના સંયુક્ત ઉપક્રમે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીની આગેવાની હેઠળ તિરંગા યાત્રા યોજવા માટેનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. જેમાં ગોવિંદ નગરના પ્રસંગ પાર્ટી પ્લોટ ખાતે ભારતીય જનતા પાર્ટીના તાલુકાના અને શહેરના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો ભેગા થયા હતા. ત્યાં એક મીટીંગ યોજવામાં આવી હતી અને મીટીંગ બાદ હર ઘર તિરંગા લગાવવા માટે તિરંગાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ દાહોદ તાલુકા અને શહેર ભાજપના કાર્યકર્તાઓ અને હોદ્દેદારો તેમજ દાહોદ ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. જે તિરંગા યાત્રા પ્રસંગ પાર્ટી પ્લોટ ગોવિંદ નગર ખાતેથી નીકળી તાલુકા પંચાયત થઈ માણેક ચોક થઈ નગરપાલિકા ખાતે તેનું સમાપન કરવામાં આવ્યું હતું. આ યાત્રાનો હેતુ માત્રને માત્ર ૭૮ માં આઝાદીના પર્વને લઈને નાગરિકોના દિલોમાં દેશની ભાવના વધે તે અંતર્ગત તિરંગા યાત્રા યોજવામાં આવી હતી.

# દાહોદ ખાતે આજથી નવ દાયકા અગાઉ તા.૧૧.૮.૧૯૩૩ ના રોજ માત્ર ૨૪ કલાકમાં જ ૨૫૯.૪ મીમી અર્થાત ૧૧.૬ ઈંચ વરસાદ સાથે આજપર્યંતના હાઈએસ્ટ વરસાદનો એક નવતર કીર્તિમાન સર્જાયો હતો

દાહોદ,
૧૮૮૦ થી ૧૯૫૦ના ૭૦ વર્ષના ડેટાની સરેરાશ મુજબ તત્કાલીન પંચમહાલ જીલ્લાના મુખ્ય સેન્ટર્સના આંક ૧૯૭૨ માં સરકાર દ્વારા પ્રકાશિત 'પંચમહાલ ગેઝેટીયર્સ'માં દર્શાવેલ છે, તે ૧૨ ઈંચ વરસાદનો કીર્તિમાન આજેપણ નથી તૂટી શક્યો.

એક દિવસમાં જ આશરે ૧૨ ઈંચ વરસાદથી ટાંચા સાધનોના એ સમયે કેવી પરિસ્થિતિ સર્જાઈ હશે તે કલ્પી જ નથી શકાતી. જોકે, તે સમયે છાબ તળાવ, દૂધીમતિ નદી કે દાહોદ નગર આવા દબાણોથી લથપથ નહીં હોય કે પ્લાસ્ટીક કે અન્ય ગંદકીના પ્રદુષણ નહીં જ હોય એટલે પાણીને જવાના માર્ગો મોકળાં જ હશે. તો વળી ઘટાટોપ વૃક્ષોની જાહોજલાલી સાથેના દાહદમાં આવા -આટલાં આસ્ફાલ્ટ કે આર.સી.સી.ના પાકા રસ્તા પણ નહીં હોય એટલે પાણી પણ ધરતીમાં પચી પણ જતું હશે. હાલમાં તો ૧૮ ઈંચ વરસાદ નોંધાઈ જવા બાદ પણ ગરમી તો As it is જ છે. એ.સી. કે કમ્પ્યુટરના અતિ વપરાશે રિવર્સ ફેંકાતી ગરમીથી ખતરનાક પોલ્યુશન ઉભું થાય છે. કદાચ એ પણ આ ગરમી માટે કારણભૂત છે, તો બધે પાકાં રસ્તા હોઈ બધું વરસાદી પાણી વહી જતાં ધરતીમાં પચતું જ ન હોઈ ધરતીમાતા પણ પોતાની હૈયાવરાળ આ રીતે આપણા સુધી પહોંચતી કરે છે.

એની વે, આ પોસ્ટનો દાહોદના ૮૯ વર્ષ પૂર્વેના આજના દિવસના વરસાદી કીર્તિમાનને દરેક દાહોદવાસીઓ જાણે અને પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે જરૂરી જાગૃતિ કેળવે તે જ આશય છે.

# ઝાલોદ વેલપુરા ખાતે બસ ખાડામા ખાબકી/મોટી જાનહાની ટળી



ઝાલોદ,
ઝાલોદ ખાતે થી ઉપડી દાહોદ ડિસા સરકારી વાહનના બસ ચાલકે અચાનક બસ ચલાવતા ચલાવતા સ્ટેરીંગ પર થી કાબુ ગુમાવતા ઝાલોદથી અંદાજીત ૫ કિ.મી અતંરમા બસ ખાડામા ખાબકી હતી. બસમા સવાર મુસાફરોનો આબાદ બચાવ થવા પામ્યો હતો. આ રસ્તા પર અવારનવાર અકસ્માતો સર્જાયા કરે છે. ગત વર્ષે પણ અહિ સરકારી બસનો મોટો અકસ્માત સર્જાયો હતો, તેવું સાંભળવા અને જાણવા મળે છે. આ ઘટના ઝાલોદ થી સુખસર વેલપુરા ખાતે સર્જાઇ હતી. તેમજ બસમા મુસાફરોનો આબાદ બચાવ થવા પામ્યો હતો. ત્યારે બસની બારી માથી મુસાફરો સહીસલામત બહાર નિકળી આવતા મુસાફર પોતાનો જીવ બચાવા પામ્યો હતો.

# ફતેપુરા નગરમાં પ્રજાપતિ સમાજ દ્વારા દશામાની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી



ફતેપુરા,
ફતેપુરા પ્રજાપતિ સમાજ દ્વારા દશ દશ દિવસ સુધી દશામાતાની આરાધના કરીને વ્રતની ઉજવણી કરતા હોય છે. ત્યારે દશામાંના વ્રતના આજે દસમો દિવસ હોય દશામાંના આ દસમે દિવસે પ્રજાપતિ સમાજ દ્વારા ફતેપુરા નગરમાં દશામાની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે. દશા માતાના શોભાયાત્રા અંબાજી મંદિર થી શરૂ થઈને પાછલા પ્લોટ વિસ્તારમાં થઈ ઝાલોદ ચોકડી મેન બજાર થઈ પોલીસ સ્ટેશન રોડ થઈ અંબાજીના મંદિરે સમાપન કરવામાં આવે છે. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં પ્રજાપતિ સમાજના લોકો ધંધા રોજગાર બંધ રાખીને શોભાયાત્રામાં જોડાય છે. દશા માતાની શોભાયાત્રા બેન્ડના તાલે રાસ ગરબાની રમઝટ વચ્ચે ઉત્સાહભેર શોભાયાત્રા કાઢવામાં આવે છે. શોભાયાત્રાના સમાપન પછી મહાપ્રસાદનો પણ આયોજન કરવામાં આવે છે. દસ દિવસ માની આરાધના કરી ધન્યતા અનુભવે છે.

# દાહોદ જીલ્લામાં પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ ધારાસભ્ય શ્રીઓ સહિત વરિષ્ઠ અધિકારીઓએ માં રાષ્ટ્રધ્વજનું વિતરણ કરીને લોકોને અભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો



દાહોદ,
રાજ્યમાં શરૂ થયેલા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત દાહોદ જીલ્લામાં પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ ,ધારાસભ્ય ઓ સહિત વરિષ્ઠ અધિકારીઓએ દાહોદમાં રાષ્ટ્રધ્વજનું વિતરણ કરીને લોકોને અભિયાનમાં જોડાવા અનુરોધ કર્યો હતો.

આ અભિયાન વધુ વેગવંતુ બને અને નાગરિકો સ્વયંભૂ તેમાં જોડાય તેવા શુભ આશયથી પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ, ધારાસભ્ય કનૈયાલાલ કીશોરી, ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોર, જીલ્લા કલેક્ટર યોગેશ નિરગુડે, જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલા, નગર પાલિકા પ્રમુખ નિરજ દેસાઈ સહિતના અધિકારીઓએ દાહોદ તાલુકામાં વાહનચાલકોને રાષ્ટ્રધ્વજ આપીને દેશની આન, બાન અને શાનના પ્રતિક સમાન તિરંગાને પોતાના ઘર પર લહેરાવી રાષ્ટ્રભક્તિના મહાપર્વમાં જોડાવવા અપીલ કરી હતી.દેશના સ્વાભિમાન કહી શકાય તેવો તિરંગો ફરકાવવો એ દરેક દેશવાસી માટે ગૌરવ સમાન છે. આ અભિયાન અન્વયે પોતાના ઘર-ઓફિસમાં તિરંગો ફરકાવીને આ ગૌરવ લેવાની તક આવી છે. ત્યારે દરેક નાગરીકોને પોતાના ઘરે રાષ્ટ્ર દવજ અવશ્ય ફરકાવવો જોઈએ.

# આશાપુરી ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે ઈન્ટેસીફાઈડ આઈઈસી કેમ્પાઈગનું આયોજન કરાયું



દાહોદ,
તા. ૧૩/૦૮/૨૦૨૪ના રોજ અત્રેના પ્રા.આ. કેન્દ્ર ટાન્ડા ખાતે સર્વાંગી વિકાસ કેળવણી મંડળ લિંક વર્કર સ્કીમ દાહોદના સહયોગ થી આશાપૂરી ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે ઈન્ટેસીફાઇડ આઈઈસી કેમ્પાઈગનું આયોજન કરવામાં આવ્યું હતું. તે અંતર્ગત એચઆઇવીએઈડ્સ/ટીબી/ એચબીએસએજી/એસટીઆઇ અંગે શાળા માં હાજર તમામ વિદ્યાર્થીઓને વિનોદભાઈ દ્વારા વિગતવાર સમજ આપવામાં આવી તથા થવાના કારણો/ બચવાના ઉપાયો અંગે સમજ આપવામાં આવી.તદ્ઉપરાંત જીલ્લા મેલેરિયા અધિકારી અતિત ડામોર તથા તાલુકા હેલ્થ અધિકારી બામણીયાના માર્ગદર્શન હેઠળ મેલેરિયા/ડેન્ગ્યુ/ ચિકનગુનિયા/ચંદીપુરમ અંગે આઇઈસી જેમ કે મચ્છરજન્ય રોગ થવાના કારણો, બચવાના ઉપાય તથા સારવાર અંગે સમજ પ્રા.આ. કેન્દ્ર સુપરવાઈઝર મુકેશભાઈ દ્વારા આપવામાં આવી. પ્રોગ્રામ દરમિયાન ડીઆરડી લવિન્દ્રભાઈ, ઝોનલ સુપરવાઈઝર હેતલબેન, લિંક વર્કર બબેરિયા ગોવિંદભાઈ તથા બબેરિયા અંજુબેંન હાજર રહ્યા હતા. આશાપુરી માધ્યમિક શાળાના આચાર્ય નવીનભાઈ પરમાર તેમજ શાળાના તમામ સ્ટાફ દ્વારા સહયોગ આપી પ્રોગ્રામને સફળ બનાવવા સહભાગી થયા હતા.

# ગરબાડા તાલુકાના જેસાવાડાની યસ વાટિકા શાળામાં પોલીસ ગ્રામ પંચાયત અને શાળા દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનુ આયોજન કરવામા આવ્યુ




ગરબાડા,
ગરબાડા તાલુકાના જેસાવાડાની યશવાટીકા ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યામંદિર, તેમજ પોલીસ અને ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૩/૦૮/૨૦૨૪ને મંગળવારના રોજ બપોરે ત્રણ કલાકે. યશવાટીકા શાળાના પટાંગણ માંથી ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રાને શાળાના આચાર્ય શૈલેષભાઈ મખોડીયા તેમજ જેસાવાડા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એન.એમ.રામી તથા સરપંચ ચંદ્રભાણસિંહ કટારા એ પ્રસ્થાન કરાવ્યું હતું. સમગ્ર તિરંગા યાત્રાએ જેસાવાડા ગામમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ યાત્રામાં સમગ્ર પોલીસ સ્ટાફ, શાળાનો સ્ટાફ તેમજ ગ્રામ પંચાયતના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તથા શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે એન.સી. સી, એન.એસ.એસ, એસ.પી.સી. અને ઈકો કલબના તમામ વિદ્યાર્થીઓ દ્વારા આ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિના નોડલ શિક્ષકોએ વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

# સંજેલી મામલતદાર ક્વાર્ટર પર ૬ વર્ષથી વણઉકેલ સરકારી બાબુઓ મસ્ત પ્રજા ત્રસ્ત



દાહોદ,
સંજેલી મામલતદાર ક્વાર્ટર આગળ વરસાદી પાણી ભરાવાનો કેટલાય વર્ષોનો પ્રશ્ન યથાવત પોતાના જ નિવાસ્થાન આગળ ઢીસણ સમા પાણી છતાં પણ પાણીનો નિકાલ માટે કોઈપણ જાતનો તંત્રને પાણીનો નિકાલ અંગે કોઇ રસ નથી તેમ માંડલી રોડ પર જોવાઈ રહ્યું છે.

સંજેલી તાલુકા મથક હોવા છતાં પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. માંડલી તરફના મુખ્ય માર્ગ પર છ વર્ષ થી વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન કરાતા સ્થાનિકોના મકાનમાં દુકાનોમાં વરસાદી પાણી ભરાતા ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે. અનેક વખત રજૂઆત થતા તંત્ર દ્વારા આંખ આડા કાન કરી રહિયા તેમ કોઈ નિકાલ ન થતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા શહેર અને ગ્રામ્ય વિસ્તારના લોકોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે શહેરી વિકાસ યોજના અમલવારી કરી સીસી રોડ ગટર બનાવવા માટે કરોડો રૂપિયાના કામો મંજૂર કરવામાં આવ્યા છે. ત્યારે સંજેલી પંચાયતનો આડેધડ વહીવટને લઈને છેલ્લા પાંચ છ વર્ષ જેટલા ટાઈમ થી માંડલી રોડ પર મામલતદાર સ્ટાફ કોટર આગળ મુખ્ય માર્ગ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતા સ્થાનિકોના મકાનમાં તેમજ દુકાનમાં પાણી ઘૂસી જતા હોય છે, અનેક વખત રજૂઆત છતાં તંત્ર દ્વારા કોઈપણ જાતનું દયાન રાખવામાં આવી નથી રહ્યું. ત્યારે સંજેલીમાં બનાવેલી ગટર યોગ્ય રીતે સાફ સફાઈ ન થતા અવારનવાર ગટરના ગટરના ગંદા અને દુર્ગંધ વાસ મારતા પાણી પણ રોડ પર વહેવા લાગે છે. જેના કારણે ભારે દુર્ગદ પણ ફેલાતી હોય છે તેમજ સંજેલી નગરમાં હજી તો કેટલાય વિસ્તારમાં ગટરનો અને રસ્તાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા વિકાસની વાતો માત્ર કાગળ પર જ કરવામાં આવી રહી છે, રહીશો દ્વારા વેરો ભરવા છતાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્ર ગલ્લા તલ્લા સાંભળીને રહીશોમાં ભારે રોષ વરસાદી પાણીનો ભરાવો થતા વાહનો તેમજ સ્થાનિક ને પણ અવરજવર કરવામાં ભારે મુશ્કેલી વેચવાનો વારો આવ્યો છે.



ગરબાડાની ખરોડ નદીના પુલ પરનો રસ્તો હાલમાં અત્યંત જર્જરીત બન્યો છે. મસ મોટા ખાડાઓ પડવાના કારણે હાલમાં તેમાંથી લોખંડના સળિયા પણ બહાર આવી રહ્યાં છે. જેના કારણે અકસ્માતની ભીતી સેવાઈ રહી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.301

# હર ઘર તિરંગા યાત્રા હેઠળ ગોધરા ખાતે વિશાળ તિરંગા યાત્રા યોજાઈ



ગોધરા,
પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજયમાં ‘હર ઘર તિરંગા’ અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. જે અંતર્ગત આજરોજ પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે વિશાળ તિરંગા યાત્રા યોજાઈ હતી. ત્રિરંગા યાત્રાનું મુસ્લિમ સમાજ દ્વારા પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું હતું. ત્રિરંગા યાત્રા દરમિયાન સમગ્ર ગોધરા શહેરમાં દેશ ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

આ તિરંગા યાત્રા રેલી પોલીસ હેડ ક્વાર્ટર થી શરૂ કરીને ગોધરાના વિવિધ માર્ગો પરથી પસાર થઈને રામસાગર તળાવ સુધી ૫ કિલોમીટરના અંતરમાં યોજાઈ હતી. રેલીમાં દેશભક્તિના ગીતો, બેન્ડની મધુર સુરાવલીઓ, પોલીસ માર્ચ, બાઈક રેલી, સ્થાનિક નૃત્ય સાથે પંચમહાલ સાંસદ સભ્યઓ, ધારાસભ્યઓ, જીલ્લા વહીવટી તંત્ર, ગોધરાના વિવિધ સમાજના નાગરિકો, વિદ્યાર્થીઓ, પોલીસ જવાનો સહિતના બહોળી સંખ્યામાં લોકોએ ભાગીદારી નોંધાવી હતી.

રેલી પૂર્વે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં જીલ્લા કલેકટર આશિષ કુમારે સમગ્ર કાર્યક્રમ અનુરૂપ સંબોધન કરીને તિરંગાનું માન સન્માન જાળવવા નાગરિકોને અપીલ કરી હતી. રાજયસભાના સાંસદ ડો.જશવંતસિંહ પરમારએ આઝાદીના લડવૈયાઓને યાદ કર્યા હતા.

ગોધરા ખાતે યોજાયેલ પાંચ કિલોમીટર લાંબી તિરંગા યાત્રા પોલીસ હેડ કવાર્ટર થઈ પાંજરાપોળ, ચિત્રા સિનેમા રોડ વિશ્વકર્મા ચોક, પટેલવાડા, રાણી મસ્જિદ, ગીદવાણી રોડ, શહેરા ભાગોળ થઈ બાવાની મઢી પાસે આશરે ૭૦૦૦ જેટલા લોકો આ તિરંગા યાત્રામાં જોડાયા હતા. આ રેલી રાણી મસ્જિદ પાસે પહોંચતા લઘુમતી સમાજના આગેવાનો દ્વારા તિરંગા યાત્રામાં આવેલ લોકોને મીઠાઈ ખવડાવી મો મીઠુ કરી યાત્રાનું સ્વાગત કર્યું હતું.

તિરંગા યાત્રા દરમિયાન પંચમહાલ જીલ્લાના સાંસદ રાજપાલસિંહ જાદવ, જીલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરા, ધારાસભ્ય સી.કે.રાઉલજી, નિમિષાબેન સુથાર, જીલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારીઆ, રેન્જ આઈ.જી. અસારી, પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, જીલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ સહિત બહોળી સંખ્યામાં પોલીસના જવાનો, વિદ્યાર્થીઓ અને નાગરિકો જોડાયા હતા.

# ૧૫ ઓગસ્ટે ગુજરાતમાં ૮૮૯૭ પોસ્ટ ઓફિસોમાં ડાક ચોપાલ યોજાશે



સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે સમગ્ર ગુજરાતમાં એક દિવસનો અત્યાર સુધીનો સૌથી મોટો કાર્યક્રમ. આ સ્વતંત્રતા દિવસે સમગ્ર ગુજરાતમાં ૮૮૯૭ પોસ્ટ ઓફિસની રેકોર્ડ સંખ્યામાં ડાક ચોપાલ યોજાશે. તે અત્યાર સુધીની સૌથી મોટી સિંગલ–ડે ઈવેન્ટ હશે, જેમાં મુખ્ય સ્થળોએ વિવિધ પોસ્ટલ સેવાઓ પર આધાર સેવાઓ (મોબાઈલ અપડેટ, આધાર સીડિંગ અને ચાઈલ્ડ એનરોલમેન્ટ) અને પીએમ કિસાન યોજના, પીએમ જીવન જ્યોતિ વીમા યોજના જેવી સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવશે.

રાષ્ટ્રવ્યાપી હર ઘર તિરંગા ૨૦૨૪ અભિયાનના ભાગ રૂપે, ગુજરાત પોસ્ટલ સર્કલ દ્વારા ગુજરાત, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની તમામ મુખ્ય પોસ્ટ ઓફિસોમાં ૧૪ ઓગસ્ટ સુધી ૨૫ રૂપિયાની કિંમતે રાષ્ટ્રીય ધ્વજના વેચાણની વ્યવસ્થા પણ કરી છે.

ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ ગણેશ સાવલેશ્વરકરે ગુજરાત, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના લોકોને તેમની નજીકની પોસ્ટ ઓફિસમાં ધ્વજવંદન સમારોહમાં જોડાવા અને ડાક ચૌપાલોમાં ભાગ લેવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે પોસ્ટ ઓફિસો માત્ર સરકારી કચેરીઓ નથી, પરંતુ વાઈબ્રન્ટ કોમ્યુનિટી સેન્ટર્સ છે. જે દરેક માટે સુલભ હબ તરીકે સેવા આપે છે.

# શહેરા પોલીસ મથક ખાતે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ વિપુલ કુમાર જાદવને ઈ-કોપ એવોર્ડથી સન્માનિત કરાયા



શહેરા,
શહેરા પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ વિપુલકુમાર જાદવને રાજયના પોલીસવડા વિકાસ સહાયના હસ્તે ઇ કોપ એવોર્ડ આપવામા આવ્યો હતો. પોલીસ કોન્સટેબલએ પોકેટકોપ વાહન સર્ચ એપની મદદથી વાહનચોરીના ૨૨ ગુનાને શોધીને ૬ આરોપીઓને પકડવા બદલ સન્માનિત કરાયા હતા.

શહેરા પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ વિપુલકુમાર જાદવને ઈ કોપ એવોર્ડ થી સન્માનિત કરવામા આવ્યા છે. ગુજરાત રાજયના પોલીસવડા વિકાસ સહાયના હસ્તે આ એવોર્ડ આપવામા આવ્યો છે. પોકેટકોપ વાહન સર્ચ એપની મદદથી વાહનચોરીના ૨૨ ગુનાને શોધીને ૬ આરોપીઓને પકડવા સાથે પંચમહાલ જીલ્લાના ૧૩, મહિસાગર જીલ્લાના ૪, વડોદરા ગ્રામ્યના ૪, અમદાવાદ શહેરના ૧ તેમ મળીને વાહન ચોરીના ૨૨ ગુના શોધી કાઢયા હતા. વાહનચોરીના ભેદ ઉકેલવાની શ્રેષ્ઠ કામગીરી બદલ તેમને પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયના વરદ હસ્તે ઈ–કોપ એવોર્ડ આપવામા આવ્યો છે. પોલીસ કોસ્ટેબલ વિપુલ જાદવને ઈ કોપ એવોર્ડ મળતા તેમની સાથે પરત બજાવતા પોલીસ કર્મીઓ દ્વારા તેમને અભિનંદન પાઠવામાં આવી રહ્યા હતા. જોકે, શહેરા પોલીસ મથક ખાતે ફરજ બજાવતા વિપુલ જાદવની પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવા સાથે તેઓ દ્વારા સારી કામગીરી કરવાને લઈને પ્રજાજનોમાં પણ તેમની એક સારી છાપ ઊભી થઈ છે.

# હાલોલ મહિલા હેલ્પલાઈન ટીમે પતિ અને સાસરીપક્ષને સમજાવી કાલોલ તાલુકાની ૬ માસની બાળકીને તેની માતાને સોંપી

કાલોલ,
કાલોલ તાલુકાના એક ગામમાં પતિ અને સાસુએ છ મહિનાની બાળકી છીનવી પરિણીતાને તરછોડ દીધી હતી. ત્યારે પરિણીતાના પરિવારજનો સાસરીમાં ગયા હતા.પરંતુ તેમને બાળકી આપી ન હતી. ત્યારે એક દિવસ સુધી માતા તેને બાળકી વિના આક્રંદ કરતી હતી. આખરે અભયમ ટીમ માતાનું બાળકી સાથે મિલન કરાવ્યું હતું.

મહિલા હેલ્પલાઈન ટીમનાં કાઉન્સેલરે સાસરી પક્ષને સમજાવી બાળકી આખરે માતાને સોંપી દીધી. આ અંગે માહિતી પ્રમાણે ઘટનાની જાણ થતા અભયમ ટીમના કાઉન્સિલર મધુબેન દ્વારા પરિણીતાનું કાઉન્સિલિંગ કર્યું હતું. ત્યારે પરિણીતાએ જણાવ્યું હતું કે, મારા લગ્નને બે વર્ષ થયા છે. શરૂઆતમાં અમારો ઘર સંસાર સારો ચાલ્યો હતો પછી દેરાણીને ઘરમાં લાવ્યા બાદ થોડા સમયમાં સાસુ–સસરા કામકાજ માટે ટોકવા લાગ્યા હતા.પરણીતાએ પતિ સાથે અલગ મકાનમાં રહેવા ગયા હતા. જયાં તેમને એક દીકરીનો જન્મ થયા બાદ સાસુ સસરા સાથે ઘરે રહેવા આવ્યા હતા. થોડા સમય બાદ ઘરકામની બાબતમાં ફરી ઝઘડા શરૂ થઈ ગયા હતા. જે એટલી હદે પહોંચી ગયા હતા કે તેમના પતિ પણ મારઝુડ કરતા હતા. ત્યારે તેમના પતિએ તેમને પિયર મૂકી આવ્યા હતા અને બાળકી આપી ન હતી. ત્યારે તેમના પરિવારજનોએ પરિણીતાની સાસરીમાં બાળકી લેવા ગયા હતા. પરંતુ તેમણે બાળકી આપી ન હતી. ત્યારે આખરે પરિણીતાને તેના ફ્રિન્ડ્સ દ્વારા મહિલા હેલ્પલાઇનની માહિતી મળતાં ૧૮૧ નો સંપર્ક કર્યો હતો. અભયમ ટીમ પરણીતાની સાસરીમાં પહોંચી હતી અને બાળકીને અત્યારે માતાની વધુ જરૂર છે. બાળક આપી દેવું જોઈએ બાળકને માતાથી અલગ રાખી ન શકાય એમ કહી પતિ અને સાસરિયાંઓને સમજાવ્યા હતા. ત્યારે સાસરીવાળાએ બાળકી તેની માતાને સોંપી હતી.

# પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે આવેલ બેંક ઓફ બરોડા દ્વારા આજથી ત્રિદિવસીય વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની ઉજવણી કરાશે




ગોધરા
દેશના વિભાજન સમયે હિંસા અને તિરસ્કારની છાયામાં વિસ્થાપિત થયેલા આપણા અસંખ્ય બહેનો અને ભાઈઓના ત્યાગ, સંઘર્ષ અને બલિદાનની યાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા.૧૪ ઓગસ્ટને વિભાજન વિભીષિકા દિવસ તરીકે જાહેર કરાતા દર વર્ષે સ્વાતંત્ર્ય પર્વના આગલા દિવસે આ દિવસ મનાવાય છે. જે અંતર્ગત ગોધરા ખાતે આવેલ બેંક ઓફ બરોડા દ્વારા આ દિવસની ઉજવણી કરાઈ.

જે અંગે પંચમહાલ લીડ ડ્રિસ્ટ્રીકટ મેનેજર એસ.કે.રાઓએ જણાવ્યું હતું કે, બેંક ઓફ બરોડાના ક્ષેત્રિય કાર્યાલય દ્વારા પાર્ટીશન હોરર્સ રેમેમ્બ્રન્સ ડે ની ઉજવણી બેંક ઓફ બરોડા ગાંધીચોક શાખા ખાતે તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી કરવામાં આવશે. જેમાં દેશના ભાગલા સમયે અસંખ્ય પરિવારના ત્યાગ, સંઘર્ષ અને બલિદાનની સ્મૃતિ તાજી કરતા પોસ્ટરોની પ્રદર્શની યોજવામાં આવશે.

# પંચમહાલ ખાણ-ખનિજ વિભાગે શહેરાના ખાંડીયા અને સાંપા સેગવા ગામેથી સફેદ પથ્થર ભરેલ ટ્રક અને રેતી ટ્રેકટર સહિત બે વ્યકિતને ઝડપ્યા

ગોધરા,
પંચમહાલ જીલ્લા ખાણ–ખનિજ વિભગની ટીમ ચેકીંગમાં હતી. ત્યારે શહેરાના ખાંડીયા ગામ પાસેથી સફેદ પથ્થર ભરેલ ટ્રક પસાર થઈ રહી છે. તેમજ સાંપા સેગવા ગામે કુણ નદીના પટ માંથી ખનિજ માફિયાઓ દ્વારા રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. તેવી બાતમીના આધારે ખાણ–ખનિજ વિભાગે ચેકીંગ કરી ટ્રક અને ટ્રેકટર મળી ૧૫ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પંચમહાલ ખાણ–ખનિજ વિભાગની ટીમ રૂટીન ચેકીંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, શહેરા તાલુકાના ખાંડીયા ગામ પાસેથી ગેરકાયદેસર સફેદ પથ્થર ભરેલ ટ્રક પસાર થઈ રહી છે. તેમજ ગોધરા તાલુકા સાંપા–સેગવા ગામે કુણ નદીના પટ માંથી ખનિજ માફિયાઓ દ્વારા રેતી ખનન કરવામાં આવી રહી છે. તેવી ચોકકસ બાતમીના આધારે ખાણ–ખનિજ વિભાગની ટીમે બન્ને સ્થળે ચેકીંગ કરી સફેદ પથ્થર ભરેલ ટ્રક અને ટ્રેકટર મળી ૧૫ લાખના મુદ્દામાલ ગોધરા કલેકટર કચેરીના કંપાઉન્ડમાં સીઝ કરવામાં આવ્યા. જયારે મુદ્દામાલ સાથે ઝડપાયેલ બે ઈસમો વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કાલોલ એમ.જી.એસ. હાઈસ્કુલની વિદ્યાર્થીઓ દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા રેલીનું આયોજન કરાયું



કાલોલ,
કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત ધી એમ.જી.એસ. હાઈસ્કુલ દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શાળાના સ્ટાફ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. કાલોલ નગરમાં રેલી નીકળી હતી અને વિદ્યાર્થીઓએ બેનર સહિત દેશભક્તિના સૂત્રોચાર કર્યા હતા. તિરંગાની આનબાન અને શાન જળવાય તેમજ લોકોમાં દેશભકિતની ભાવના જાગે તે હેતુથી સમગ્ર દેશમાં તિરંગા યાત્રાનું આયોજન કરાઈ રહ્યું છે. આ ઊપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# કાલોલમાં બે અલગ-અલગ સ્થળે જુગાર રેઈડ કરી ૪ જુગારીયાને ઝડપ્યા

કાલોલ,
કાલોલ જી.આઈ.ડી.સી. પાછળ તેમજ ઓમકારેશ્વર સોસાયટીમાં જુગાર ધામ રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન બે સ્થળેથી ૪ જુગારીયાને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ જી.આઈ.ડી.સી. પાછળ ખુલ્લામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૮ જુગારીયા પૈકી ૭ ઈસમો નાશી છુટીયા હતા. જયારે એક વસીમ રસીકભાઇ બેલીમને ૧૬,૨૧૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.

જયારે ઓમકારેશ્વર સોસાયટીમાં જુગાર સ્થળે પોલીસે રેઈડ કરી હતી અને વિનોદ ઉર્ફે પ્રવિણ રમણભાઇ પરમાર, કરણકુમાર જીતેન્દ્રસિંહ સોલંકી, પંકજકુમાર શાંતિલાલ પરમારને ઝડપી પાડયા હતા. દાવ ઉપર મુકેલ તેમજ અંગઝડતીમાં રૂા.૧૨૧૦/–જપ્ત કરવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# સી.બી. ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓ દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા રેલીનું આયોજન કરાયું




કાલોલ,
કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કુલ દ્વારા મંગળવારે બપોરના ત્રણ કલાકે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ અને શાળાના સ્ટાફ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો કાલોલ નગરમાં રેલી નીકળી હતી અને વિદ્યાર્થીનીઓએ બેનર સહિત દેશભકિતના સૂત્રોચાર કર્યા હતા. તિરંગાની આનબાન અને શાન જળવાય તેમજ લોકોમાં દેશભકિતની ભાવના જાગે તે હેતુથી સમગ્ર દેશમાં તિરંગા યાત્રા નું આયોજન કરાઈ રહ્યું છે.

# દાહોદના રળીયાતી ગામે દડો રમતા બાળકોને લઈ તકરારમાં એક વ્યકિતને તલવારથી હુમલો કર્યો

દાહોદ,
દાહોદ શહેરના રળીયાતી ગામે બાળકો રસ્તા પર દડો રમતા હોય અને વાહન લઈ પસાર થતાં ચાલકોને તકલીફ પડતી હોવાનું કહી એક વ્યક્તિએ ઝઘડો તકરાર કરી એકને તલવાર હાથના ભાગે મારી ચામડી ફાડી નાંખી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે.

ગત તા.૧૨મી ઓગષ્ટના રોજ દાહોદના રળીયાતી ગામે સાંસીવાડ વિસ્તારમાં રહેતાં પપ્પુભાઈ માંગીલાલ સાંસીનો નાનો દિકરો અવતાર પ્લાસ્ટીકનો દડો રમતો હોય જે દડો રોડ ઉપર જતો રહેતાં વિસ્તારમાં રહેતાં અજયભાઈ રાજુભાઈ પરમારે મોટરસાઈકલ બ્રેક મારી ઉભી રાખવી પડેલ તેની અદાવત રાખવી પડેલ તેની અદાવત રાખી પપ્પુભાઈ પાસે આવ્યો હતો અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો છોકરાઓને રસ્તામાં દડો રમાડો અને અમારે મોટરસાઈકલ લઈને જવા આવવામાં તકલીફ પડે છે, તેમ કહેતા, પપ્પુભાઈએ ગાળો બોલવાની ના પાડતાં અજયભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની સાથે લાવેલ તલવાર પપ્પુભાઈ પર ઉગામતા પપ્પુભાઈએ હાથ આડો કરતાં તેઓના હાથના ભાગે તલવાર વાગી જતાં ચામડી ફાટી જતાં પપ્પુભાઈ લોહીલુહાણ થઈ ગયાં હતાં. જ્યારે અજયભાઈએ પપ્પુભાઈને મારી નાંખવાની ધમકીઓ પણ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત પપ્પુભાઈ માંગીલાલ સાંસીએ દાહોદ એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના પાલ્લી ગામે કન્ટેનર ટ્રકએ તુફાનને પાછળથી ટકકર મારતાં તુફાનમાં સવાર બે વ્યકિતના મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામે હાઈવે રોડ પર મધરાતે યમદૂત બની પુરપાટ દોડી આવતા કન્ટેનર ટ્રક આગળ જતી તુફાન ગાડીને પાછળથી ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં તુફાન ગાડીમાં બેઠેલા બંને જણાને ગંભીર જીવલેણ ઈજાઓ થતા તે બંનેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજયું હોવાનું પોલીસ સૂત્રો દ્વારાજાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ગમખ્વાર અકસ્માતનો ચાલી રહેલો સિલસિલો હજીયે યથાવત રહેતા ચાલુ વર્ષે આઠ માસમાં કેટલાય નિર્દોષ લોકો તેમાં કાળનો કોળિયો બનતા દાહોદ જીલ્લો અકસ્માત ઝોન બની ગયો હોય તેવુંપ્રતીત થઈ રહ્યું છે. તેવા સમયે દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામે હાઈવે રોડ પર ગત મધરાતે એક કન્ટેનર ટ્રક ચાલક તેના કબજાનું કન્ટેનર ટ્રક પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી આગળ જઈ રહેલ જી.જે.૨૦એકસ–પ૨૮૫ નંબરની તુફાન ગાડીને પાછળથી જોશભેર ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં તુફાન ગાડીમાં બેઠેલા દાહોદ તાલુકાના રોઝમ ગામના હોળી ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય પંકજભાઈ કનુભાઈ પરમાર તથા ૨૯ વર્ષીય ચંપકભાઈ સેનાભાઈ નલવાયા ને માથામાં તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તે બંનેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ લીમખેડા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. અને મરણ જનાર પંકજભાઈ કનુભાઈ પરમાર તથા ચંપકભાઈ સેનાભાઈ નલવાયાની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ બંનેની લાશનું પંચનામુ કરી બંનેની લાશને પોસ્ટમોર્ટમ માટે લીમખેડા સરકારી દવાખાને મોકલી આપી રોઝમ ગામના હોળી ફળિયામાં રહેતા પ્રદીપભાઈ કનુભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે કન્ટેનર ટ્રક લઈ નાસી ગયેલા કન્ટેનર ટ્રકના ચાલક વિરૂદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પ્રમુખ.મંત્રી.શ્રી ભગવતી
સખી.મંડળી
તરફથી અભીનંદન....
મુ.ઉમરીયા
તા.ધાનપુર